# Visit of the Foreign Secretary to New York (14-16 July 2021)

July 15, 2021

---

# વિદેશ સચિવની ન્યૂયોર્ક મુલાકાત (14-16 જુલાઈ 2021)

જુલાઈ 15, 2021

વિદેશ સચિવ શ્રી હર્ષ વર્ધન શ્રીંગલા 14થી 16 જુલાઈ 2021 દરમિયાન ન્યૂયોર્કની સત્તાવાર મુલાકાતે જઈ રહ્યા છે જ્યાં તેઓ યુનાઈટેડ નેશન્સ સિક્યોરિટી કાઉન્સિલની ઉચ્ચ સ્તરીય બેઠકમાં ભાગ લેશે જે જુલાઈ 2021 માટે ફ્રાન્સના અધ્યક્ષપદ હેઠળ યોજાઈ રહી છે.

2. 15 જુલાઈએ વિદેશ સચિવે લિબિયાની પરિસ્થિતિ અંગેની ઉચ્ચ સ્તરીય સિક્યોરિટી કાઉન્સિલના બ્રિફિંગમાં ભાગ લીધો હતો જેનું અધ્યક્ષપદ ફ્રાન્સના યુરોપ અને વિદેશ બાબતોના મંત્રી જિન-યેસ લી ડ્રાયને સંભાળ્યું હતું. આ વાતચીતમાં વિદેશ સચિવે લિબિયામાં 24 ડિસેમ્બર 2021ના રોજ યોજાઈ રહેલી ચૂંટણીના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો, તેમણે લિબિયામાં સાર્વભૌમત્વ, સ્વતંત્રતા, એકતા અને પ્રાદેશિક જોડાણ જાળવી રાખવા તથા યુદ્ધવિરામની સહમતીનું સંપૂર્ણ અમલીકરણ થાય તેના પર ભાર મૂક્યો હતો. તેમણે લિબિયામાં શસ્ત્રો માટેના પ્રતિબંધના થઈ રહેલા ભંગ અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને લિબિયામાં સક્રિય ત્રાસવાદી સંગઠનો તથા બીજા સંગઠનોને અંકુશમાં રાખવામાં આવે તે
સુનિશ્ચિત કરવાની વાત કરી હતી. લિબિયામાં શાંતિ સ્થાપવા માટે ભારત લિબિયા અને તેની પ્રજા પ્રત્યે પ્રતિબદ્ધ છે તે બાબતનો તેમણે પુનરોચ્ચાર કર્યો હતો. તેમણે પરસ્પર ઓળખવામાં આવેલા ક્ષેત્રમાં તાલીમ સહાય આપવાની અને ક્ષમતાગઠન કરવવામાં ભરત તરફથી સહાયની ઓફર કરી હતી.

3. વિદેશ સચિવે 15 જુલાઈએ બપોર પછી યુએન સેક્રેટરી જનરલ મહામહિમ એન્ટોનિયો ગ્યુટેરસની સાથે વાત કરી હતી. તેમણે બીજી ટર્મ માટે નિયુક્ત થવા બદલ સેક્રેટરી જનરલને અભિનંદન પાઠવ્યા હતા. વિદેશ સચિવે સેક્રેટરી જનરલને ઓગસ્ટમાં તેમની પ્રેસિડન્સી દરમિયાન સિક્યોરિટી કાઉન્સિલ માટે ભારતની પ્રાથમિકતાઓ વિશે જાણકારી આપી હતી, જેમાં સમુદ્રી સુરક્ષા, શાંતિની જાળવણી અને ત્રાસવાદ વિરોધી કામગીરીનો સમાવેશ થાય છે. તેમણે જે વિચારોનું આદાન પ્રદાન કર્યું હતું તેમાં અફઘાનિસ્તાન અને મ્યાનમાર સહિત પ્રાદેશિક પરિસ્થિતિ, તથા ક્લાઈમેટ ચેન્જ, આંતરરાષ્ટ્રીય સોલર એલાયન્સ, યુએનએસસીમાં સુધારા તથા સમગ્ર વિશ્વમાં કોવિડ 19ની પરિસ્થિતિનો સમાવેશ થાય છે. સેક્રેટરી જનરલે તાજેતરમાં કોવિડ -19 મહામારી દરમિયાન કરવામાં આવેલી કામગીરી બદલ ભારત સરકાર અને ભારતના લોકો પ્રત્યે ટેકો જાહેર કર્યો હતો. ભારતે યુએન સિક્યોરિટી કાઉન્સિલમાં ભજવેલી હકારાત્મક ભૂમિકા તથા યુએન શાંતિ જાળવણીમાં ભારતના મહત્ત્વના યોગદાનની નોંધ લીધી હતી. સક્રેટરી જનરલે યુએનએસસી માટે ભારતની આગામી અધ્યક્ષતા માટે શુભકામનાઓ પાઠવી હતી.

4. યુએનએસસી હાઈ લેવલ મિટિંગ દરમિયાન ફોરેન સેક્રેટરીએ મહામહિમ જિન-વેસ-લે-ડ્રાયન, યુરોપ અને ફ્રાન્સના વિદેશ બાબતોના મંત્રી સાથે વાત કરી હતી અને તેમને ભારતની યુએનએસસી પ્રેસિડન્સીના પ્રયાસો વિશે જાણકારી આપી હતી તથા તેમને ઉચ્ચ સ્તરીય બેઠકમાં ભાગ લેવા માટે વિદેશમંત્રાલય તરફથી આમંત્રણ આપ્યું હતું. ઉચ્ચ

સ્તરીય બેઠકનું અધ્યક્ષપદ ભારત સંભાળશે.

5. વિદેશ સચિવ આજે યુએન ખાતે અમેરિકાના કાયમી પ્રતિનિધિ રાજદૂત લિન્ડા થોમસ ગ્રીનફિલ્ડને મળશે અને યુનાઈટેડ નેશન્સના અન્ય સિનિયર અધિકારીઓ સાથે બેઠક યોજશે. જેમાં રોઝમેરી ડિકાર્લો, અંડર સેક્રેટરી જનરલ, ડિપાર્ટમેન્ટ ઓફ પોલિટિકલ એન્ડ પીસબિલ્ડિંગ અફેર્સ (ડીપીપીએ), એચિમ સ્ટેનર, યુએસજી અને એડમિનિસ્ટ્રેટર, યુએનડીપી, મારિયા વિયોટી, સેક્રેટરી જનકલના શેફ ડી કેબિનેટ, ફુમઝુલે મલામ્બો નેગકુકા, એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, યુએન વિમેન અને કોર્ટની રેટ્રે, યુએસજી અને એલડીસી અને એસઆઈડીના ઉચ્ચ સ્તરિય પ્રતિનિધિઓ સામેલ છે જેમાં યુએનની સિસ્ટમ તથા તેની એજન્સીઓ સાથે ભારતના જોડાણની ચર્ચા કરશે.

**ન્યૂ યોર્ક**
**જુલાઈ 15, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.